
# Veer Narmad South Gujarat University, Surat

Re-accredited by NAAC with 'A' grade




## દક્ષિણાયન

## Dakshinayan e-Newsletter

Vol.1, Issue.6-7,Nov-Dec.2018


For Private Circulation Only






Dr. Shivendra Gupta
Vice Chancellor

આપણી યુનિવર્સિટી
આપણું ગૌરવ





किसी भी कीमत पर स्वतंत्रता का मोल नहीं हो सकता।
वह जीवन है भला जीवित रहने के लिए कया कोई मोल नही चुकायेगा।
–महात्मा गांधी

## University Archives (1973-74)



માનવવિદ્યા અને સમાજવિદ્યાના અનુસ્નાતક વિભાગનું તૈયાર થયેલું મકાન



વ્યાપાર અને ઉદ્યોગ સંચાલન વિભાગનું તૈયાર થયેલું મકાન

* યુનિવર્સિટીની પરીક્ષાઓના સુવર્ણચન્દ્રક અને પારિતોષિક વિજેતાઓ *

ન્યાયરત્ન લલ્લુભાઈ ભીમભાઈ દેસાઈ પારિતોષિક



કુ. અર્ચના રામચંદ્ર દેસાઈ
[તૃતીય બી એ. [ગુજરાતી–મુખ્ય માં પ્રથમ]

આચાર્ય ચન્દ્રવદન શાહ સુવર્ણચન્દ્રક



કુ. ઈલા ચન્દ્રશંકર શુકલ
[બી.એડ. માં પ્રથમ]

શ્રીમતી શાંતાબેન ભીમભાઈ દેસાઈ સુવર્ણચન્દ્રક



કુ. સાબેરા ઝેન નાખુદા
[ફાઈનલ એમ.બી.,બી.એસ. પરીક્ષામાં વિદ્યાર્થિનીઓમાં સૌથી વધુ ગુણ માટે]

ડૉ. બી. એન. દેસાઈ સુવર્ણચન્દ્રક



શ્રી. ભૂપેન્દ્ર ગમનલાલ મહેતા
[તૃતીય બી એસસી. માં રસાયણશાસ્ત્રમાં સૌથી વધુ ગુણ માટે]

ડૉ. આઈ. જી. વશી સુવર્ણચન્દ્રક



શ્રી. શશીકાન્ત ત્ર્યંબક આચાર્ય
[એમ.એસસી. પરીક્ષામાં રસાયણશાસ્ત્રના વિષયમાં સૌથી વધુ ગુણ માટે]

શ્રી. છોટુભાઈ ભાઈદાસ મારફતિયા સુવર્ણચન્દ્રક



શ્રી. ચન્દ્રવદન હિંમતલાલ નહાર
[પ્રિ. યુનિ. વિજ્ઞાનની પરીક્ષામાં સૌથી વધુ ગુણ મેળવવા માટે]

ખેલકૂદ, યુવક કલ્યાણ અને રાષ્ટ્રિય સેવા યોજનાની પ્રવૃત્તિઓ



કન્યાશ્રમ, મઢી મૂકામે યોજાયેલ ગ્રામ આરોગ્ય અને સફાઈ શિબિરમાં નિર્ધૂમ ચૂલો બનાવતા એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજના વિદ્યાર્થીઓ



ગોકુળાષ્ટમીના મેળા દરમિયાન ટ્રાફિક નિયંત્રણ કરતા આર. એસ. પી. ના સ્વયંસેવકો



સુરત ખાતેના નાટ્ય તાલીમ શિબિરમાં રજૂ થયેલ નાટક "સીતા" નું એક દૃશ્ય



સુરત ખાતેના તરણ – નૌકાતાલીમ શિબિરમાં તાલીમ લેતા શિબિરાર્થીઓ



વલસાડ ખાતેના યુનિવર્સિટીના સાતમા ખેલકૂદ મહોત્સવમાં "લાંબા કૂદકાનું એક દૃશ્ય"

# યુનિવર્સિટી ન્યૂઝ

## સર્જિકલ સ્ટ્રાઈક

પાકિસ્તાનની સરહદમાં ઘૂસીને વીર જવાનોએ કરેલી સર્જિકલ સ્ટ્રાઈક દેશનું ગૌરવ છે અને તે સૈનિકો દેશની આન-બાન-શાન છે. આ શબ્દો છે એનસીસી કેડેટના કર્નલ સુધીર શર્માના વીર વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કન્વેન્શન હોલમાં શુક્રવારે 'સર્જિકલ સ્ટ્રાઈક ડે' ની ઉજવણી થઈ હતી. ૨૯ સપ્ટેમ્બર ૨૦૧૬ના રોજ ભારતીય જવાનોએ પાકિસ્તાનની સરહદમાં ઘૂસીને ૩૭ આતંકીઓને મોતને ઘાત ઉતાર્યા હતા. તેની યાદમાં યુનિવર્સિટીના કન્વેન્શન હોલમાં થયેલી ઉજવણીમાં વિધાર્થીઓ, એનસીસી કેડેટને સૈનિકોની શોર્યગાથાનું રસપાન કરાવાયું હતું.

સર્જિકલ સ્ટ્રાઈક ડે ની ઉજવણીમાં એનસીસી કેડેટના કર્નલ કર્નલ સુધીર શર્મા, કમાન્ડર ફાઈવે બટાલિયન કર્નલ એસ. ફ્રાન્સિસ, કુલપતિ ડૉ.શિવેન્દ્ર ગુપ્તા,ઉપકુલપતિ ડૉ.ભાસ્કર રાવલ, ઇન્ચાર્જ રજીસ્ટ્રાર અરવિંદ ધડુક, આયોજન કમિટીના મયુર ચૌહાણ, ઉન્મેષ પંડ્યા, ડેવિડ પોલ, કલ્પેશ રાવલ સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, એન.સી.સી કેડેટના વિદ્યાર્થીઓએ હાજરી પુરાવી હતી. દરમિયાન સિક્કીમ જેવા નોર્થ. ઈસ્ટ રાજ્યમાં ફરજ બજાવી ચૂકેલા કર્નલ સુધીર શર્માએ જણાવ્યું હતું કે,ભારત અને પાકિસ્તાનની સરહદ તેમજ એલઓસી (લાઈન ઓફ કંટ્રોલ) વચ્ચે અનેક તફાવત મતભેદ છે.સર્જીકલ સ્ટ્રાઈકનો મતલબ અન્ય દેશની સરહદમાં ઘૂસીને દુશ્મનનો ખાત્મો બોલાવવો એવો થાય છે.સરહદની આજુબાજુએ આતંકવાદીઓના ૮ થી ૧૦ લોન્ચિંગ પેડ હતા.એલોસીમાંથી આ આંતકીઓને ભારત દેશમાં ઘુસાડવાની તૈયારી થતી હતી.જોકે ભારતીય સેનાએ સરહદમાં ઘૂસીને માત્ર ચાર જ કલાકમાં આખું ઓપરેશ પાર પાડ્યું હતું,તે સર્જીકલ સ્ટ્રાઈક દેશ માટે ગૈરવસમાન છે.















## સન્માન

જકાર્તામાં રમાયેલી એશિયાડ રમત ઉત્સવમાં ૪ બાય ૪૦૦ મીટરની રીલે દોડમાં ગોલ્ડ મેડલ મેળવનાર અને ડાંગ એક્સપ્રેસ તરીકે ઓળખાતી ગોલ્ડગર્લ સરિતા ગાયકવાડનું વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કન્વેન્શન હૉલમાં સ્મૃતિ ભેટ આપવાની સાથે રોકડ પુરસ્કાર રૂપે ૨ લાખ રૂપિયા આપી સન્માન કરવામાં આવ્યું હતું.

અગાઉ રીલે દોડમાં ગોલ્ડમેડલ મેળવનાર સરિતા ગાયકવાડે ગોલ્ડ મેડલ મેળવ્યાની ગણતરીની મિનિટોમાં જ કુલપતિ ડો.શિવેન્દ્ર ગુપ્તાએ રોકડ પુરસ્કાર અને યુનિવર્સિટીની બ્રાંડ એમ્બેસેડર તરીકે પસંદગીની જાહેરાત કરી હતી. સન્માન સમારોહમાં યુનિવર્સિટીના અલગ-અલગ ડિપાર્ટમેંટના હેડ,પ્રોફેસરો અને અલગ-અલગ કોલેજના વિદ્યાર્થીઓ સહિત નો સ્ટાફ હાજર રહ્યો હતો. જેને પગલે આખો કન્વેકેશન હૉલ ભરાઈ ગયો હતો. ગોલ્ડન ગર્લ સરિતાએ વકતવ્યમાં પોતાની યશગાથા કહેતા જણાવ્યું હતું કે ગરીબ પરિસ્થિતિમાં પણ કઈ રીતે આગળ વધી શકાય અને ત્રણથી ચાર કિલોમીટર સુધી ચાલીને શાળામાં જવાનું અને ત્યારબાદ કોલેજમાં પ્રવેશ મેળવ્યો અને કઈ રીતે એશિયાડ સુંધી પહોંચી સફળતા મેળવી તે અંગે જણાવી વિદ્યાર્થીઓને આગળ વધવા આહવાન કર્યું હતું. સરિતાએ પોતાની સફળતા માટે ખેલ મહાકુંભમાં ભાગ લેવા માટે પ્રધાનમંત્રી શ્રીનરેન્દ્રમોદીએ પ્રોત્સાહિત કરવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો. અને હવે તેનું ફોકસ ઓલમ્પિકમાં સિદ્ધિ મેળવવાનું હોવાથી તેની તૈયારી કરી રહી હોવાનું જણાવ્યું હતું.



















# ટેબ્લેટ વિતરણ

દક્ષિણ ગુજરાતની કોલેજમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓને રૂપિયા ૧ હજારની કિંમતે આપવામાં આવતા ટેબ્લેટના વિતરણનો સમારોહ શનિવારે યુનિવર્સિટી કાનવેશન હૉલમાં યોજાયો હતો. રાજયના શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાના અધ્યક્ષસ્થાને યોજાયેલા ટેબ્લેટ વિતરણ સમારોહમાં રજીસ્ટ્રેશન કરાવનારા ૮ હજાર વિદ્યાર્થીઓને પ્રથમ તબક્કામાં ટેબ્લેટ આપવાની જાહેરાત કરાઇ હતી. આદિજાતિ વિકાસ મંત્રીશ્રી ગણપત વસાવા ,સામાજિક ન્યાય મંત્રી શ્રીઈશ્વર પરમાર,આરોગ્ય મંત્રી શ્રીકિશોર કાનાણી, કુલપતિ ડો.શિવેન્દ્ર ગુપ્તા સહિતના અગ્રણીઓની હાજરીમાં નિર્ધારિત સંખ્યામાં વિદ્યાર્થીઓને ટેબ્લેટ આપવામાં આવ્યાં હતા. ટેબ્લેટ વિતરણ સમારોહમાં શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓને ટેબ્લેટના રૂપમાં દિવાળીની ભેટ આપવામાં આવી છે.સતયુગ,કળિયુગ બાદ હવે ડિજિટલ યુગ આવ્યો છે. આ યુગમાં ટેબ્લેટ જેવા ડિવાઈઝની તાતી જરૂરિયાત છે.આજે સમાજ,રાજકારણની સાથે જ ઈલેક્ટ્રોનિક્સ ડિવાઈઝની દ્રષ્ટિએ પણ અપડેટ રહેવું.




















## ઉજવણી

**વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટીમાં ડો. બી. આર. આંબેડકર ચેર અને શિક્ષણ વિભાગના સંયુક્ત ઉપક્રમે 'આંબેડકર મહાપરિનિર્વાણ દિવસ' ની 'પ્રદર્શન અને વકતૃત્વ સ્પર્ધા' દ્વારા ઉજવણી કરવામાં આવી**

ગુજરાત રાજ્ય તથા કેન્દ્ર સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા પુરસ્કૃત વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં કાર્યરત ભારતરત્ન બાબા સાહેબ ડૉ.બી.આર.આંબેડકર ચેર (ડૉ.બી.આર.આંબેડકર અભ્યાસ માટેનું કેન્દ્ર) તથા શિક્ષણ વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે ૬ ડીસેમ્બર, ૨૦૧૯ના રોજ 'આંબેડકર મહાપરિનિર્વાણ દિવસ' ની ઉજવણી 'ડૉ.બી.આર.આંબેડકરના જીવન ચરિત્ર પર આધારિત પ્રદર્શન' તથા 'વકતૃત્વ સ્પર્ધા' કરીને માનનીય કુલપતિશ્રી ડો. શિવેન્દ્ર ગુપ્તાની અધ્યક્ષતામાં કરવામાં આવી હતી.

કાર્યક્રમની શરૂઆત બે મિનીટ મૌન પાળીને 'ડૉ.બી.આર.આંબેડકર'જી ને શ્રદ્ધાંજલિ આપીને થઇ હતી. ઉદઘાટન સમારંભના અધ્યક્ષ કુલપતિશ્રી ડો. શિવેન્દ્ર ગુપ્તાએ પોતાના પ્રવચનમાં ડો. બી.આર.આંબેડકરના વિવિધ ક્ષેત્રોમાં અપાયેલા પ્રદાનને યાદ કર્યું હતું. તમેણે જણાવ્યું હતું કે ભારતમાં હજુ પણ ઘણા સમુદાયો શોષિત, દબાયેલ, કચડાયેલા છે. જેઓને હજુપણ મુખ્યધારામાં લાવી શકાયા નથી. આવા સમાજોના ઉત્થાન માટે ડો. બી.આર. આંબેડકરે જે યોગદાન આપ્યું છે તે અદભુત છે અને પ્રવર્તમાન સમજે તમામ સમુદાયોમાં સમાનતા સ્થપાય તેવા પ્રયત્નો કરવા જોઈએ. તેમણે ડો. બી.આર.આંબેડકરના સંવિધાન ઘડતરમાં અપાયેલા યોગદાનને પણ યાદ કર્યું હતું અને કહ્યું હતું કે ભારતનું સંવિધાન વિશ્વનું સૌથી લાંબુ અને શ્રેષ્ઠ સંવિધાન છે. જેમાં ભારતમાં રહેલી વૈવિધ્યતાને એકરૂપતામાં બદલવાની શક્તિ છે. ડો. બી.આર. આંબેડકર એ ખરા અર્થમાં હીરા જેવા વ્યક્તિ હતા. કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે સરકાર નિયુક્ત સેનેટ સભ્ય શ્રી. મયુરભાઈ ચૌહાણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. શિક્ષણ વિભાગના અધ્યક્ષ ડો. રાજેન્દ્ર પટેલે તમામને શાબ્દિક અને પુષ્પગુચ્છથી આવકાર્ય હતા જયારે ડો. બી.આર. આંબેડકર ચેરના ચેરમન ડો. ગૌરાંગ રામીએ મહેમાનોનો પરિચય આપ્યો હતો અને ચેરની વિવિધ પ્રવૃત્તિઓની માહિતી આપી હતી.













'ડો. બી.આર. આંબેડકર ના જીવન ચરિત્ર પર આધારિત પ્રદર્શન' માં લગભગ ૨૫ જેટલી વૈવિધ્ય સભર કૃતિઓ જેવી કે રંગોળી, પેપર લેડર, પુસ્તકો, ચાર્ટ પપેર પર ડો. બી. આર. આંબેડકર ના પ્રચલિત વિચારો, ડો. બી. આર. આંબેડકરના જન્મથી મૃત્યુ સુધીના ફોટોગ્રાફ્સ, પેન્ટિંગ, ફોટો આલ્બમ, પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન, ડો. બી. આર. આંબેડકર દ્વારા લખવામાં આવેલા પત્રો, વિગેરે ૪૫ જેટલા વિધાર્થીઓ દ્વારા રજુ કરવામાં આવ્યા હતા. પ્રદર્શનમાં પ્રથમ ક્રમાંક 'નેવેર એન્ડીંગ બોક્ષ' માટે દેલવાડીયા અર્પિતા વિઠ્ઠલભાઈ, વસવા દીપિકા તથા પટેલ પ્રિયંકાની ટીમ ને પ્રાપ્ત થયો હતો, દ્વિતિય ક્રમાંક કેપ્ટન વિશ્વમોહિની એમ ને 'પોર્ટરેઈટ' માટે જયારે તૃતીય ક્રમાંક સૈયુકત રીતે પટેલ હેતલ આર ને 'સંવિધાન અને ડો. બી આર આંબેડકર પર તૈયાર કરવામાં આવેલા મોડેલ' માટે તથા પારખેટીયા મોહમ્મદ સુહેલ ને 'વર્ચુઅલ રીયાલીટી બોક્ષ' માટે એનાયત કરવામાં આવ્યો હતો. જયારે 'વકતૃત્વ સ્પર્ધા' માં લગભગ ૧૬ જેટલા સ્પર્ધકો પોતાનું વક્તવ્ય

(૧) બંધારણ શિલ્પી: ડો. આંબેડકર
(૨) ભારતરત્ન:ડો. આંબેડકર
(૩) ડો. આંબેડકરનું સામાજિક ચિંતન
(૪) ડો. આંબેડકરનું શૈક્ષણિક ચિંતન
(૫) ડો. આંબેડકરનું રાષ્ટ્રીય ચિંતન
(૬) ડો. આંબેડકરનું આધ્યાત્મિક ચિંતન
(૭) ડો.આંબેડકરનું જીવન વૃતાંત
(૮) ડો. આંબેડકરની સ્વાતંત્ર્ય સંગ્રામમાં ભૂમિકા

જેવા વિષયો પર પોતાના વક્તવ્યો આપ્યા હતા. જેમાં પ્રથમ ક્રમાંક ટંડેલ પીયુષ મણીલાલ, દ્વિતિય ક્રમાંક રાજપૂત પૂજા સતરાજસિંહ અને તૃતીય ક્રમાંક દેલવાડીયા અર્પિતા વિઠ્ઠલભાઈને પ્રાપ્ત થયો હતો. પ્રદર્શનમાં નિર્ણાયક તરીકે ડો. કીર્તિબેન માટલીવાલા, ડો. પ્રીતીબેન ચૌધરી તથા ડો. અમિત માલીએ સેવા આપી હતી જયારે વકતૃત્વ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ડો. ભાવેશ મોદી, ડો. સારિકા ચૌહાણ તથા પ્રા. મેઘા પટેલે સેવા આપી હતી.

પ્રદર્શન અને વકતૃત્વ સ્પર્ધામાં થયેલા વિજેતાઓને ડો. બી. આર. આંબેડકર ચેર દ્વારા રોકડ પુરષ્કાર તથા તમામ ભાગ લેનાર પ્રતિસ્પર્ધીઓને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

**(અહેવાલ: ડો. ગૌરાંગ રામી)**
ચેરમન, ડો .બી .આર .આંબેડકર ચેર
(૦૬ ડિસેમ્બર ૨૦૧૮)












ગુજરાત રાજ્ય તથા કેન્દ્ર સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા પાઠવેલ સુચના અનુસાર વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટીમાં કુલપતિશ્રી ડો. શિવેન્દ્ર ગુપ્તાના માર્ગદર્શન હેઠળ ભારતરત્ન બાબા ડૉ.બી.આર.આંબેડકર ચેર (ડૉ.બી.આર.આંબેડકર અભ્યાસ માટેનું કેન્દ્ર(તથા કાનૂનશાસ્ત્ર વિભાગના સંયુક્ત ઉપક્રમે ‘બંધારણ દિવસ’ ની તા. ૨૬/૧૧/૨૦૧૮ ના રોજ બંધારણના આમુખનું વાંચન કરીને ઉજવણી કરવામાં આવી હતી. પ્રધાનમંત્રી શ્રી. નરેન્દ્રભાઈ મોદી દ્વારા ૧૧ ઓક્ટોબર ૨૦૧૫ના રોજ મુંબઈમાં આંબેડકર મેમોરિયલની આધારશીલા મુકતી વખતે ૨૬, નવેમ્બર ને ‘બંધારણ દિવસ’ તરીકે ઉજવવાનું જાહેર કરવામાં આવ્યું હતું અને ભારત સરકાર દ્વારા ૧૯, નવેમ્બર ૨૦૧૫ ના રોજ આને ગેઝેટ નોટીફીકેશન દ્વારા પ્રકાશિત કરી દર વર્ષે  ૨૬, નવેમ્બર ના રોજ સમગ્ર ભારત માં ‘બંધારણ દિવસ’ની ઉજવણી કરવામાં આવે છે. આ અગાઉ આ દિવસને ‘કાયદા દિવસ’ તરીકે ઉજવવામાં આવતો હતો. કાર્યક્રમમાં ભારતીય બંધારણનો ટૂંકમાં પરિચય તથા ભારતીય બંધારણની વિશેષતાઓ વિશે કાનૂનશાસ્ત્ર વિભાગના કો-ઓર્ડીનેટર ડો. સૌરભ પટેલે સમજણ આપી હતી. તેમણે જણાવ્યું હતું કે બંધારણ ઘડવાની શરૂઆત ૯, ડીસેમ્બર ૧૯૪૬ ના દિવસે થઇ હતી અને ભારાતીય બંધારણનો સ્વીકાર ૨૬, નવેમ્બર ૧૯૪૯ માં થયો હતો જયારે તેનો અમલ ૨૬, જાન્યુઆરી ૧૯૫૦ ના દિવસથી થયેલ છે. ભારાતીય બંધારણ ખરડા સમિતિના અધ્યક્ષ ડો. ભીમરાવ આંબેડકર હતા. ભારતનું બંધારણ વિશ્વમાં સૌથી વિસ્તૃત અને લાંબુ છે. બંધારણ ભારતને સાર્વભૌમ, લોકશાહી, અને પ્રજાસત્તાક રાજ્ય તરીકે જાહેર કરે છે. કાર્યક્રમમાં કાનૂનશાસ્ત્ર વિભાગના વિદ્યાર્થીઓ તથા અધ્યાપકોએ ‘બંધારણના આમુખ’નું વાંચન કર્યું હતું. કાર્યક્રમમાં ડો .બી .આર . આંબેડકર ચેરના ચેરમેન ડો. ગૌરાંગ રામીએ ડો .બી .આર . આંબેડકર દ્વારા વિવિધ ક્ષત્રોમાં અપાયેલા યોગદાન તથા બંધારણની રચનામાં તેમના યોગદન તથા ડો .બી .આર . આંબેડકર ચેરની વિવિધ પ્રવૃત્તિઓ અંગે સમજણ આપી હતી.






(અહેવાલ: ડો. ગૌરાંગ રામી)

## Seminar

Psychological Guidance & Counseling Centre, V. N. S. G. U., held a seminar on “Positive Mind Positive Vibes, Positive Life, Time Management & Stress Management” dated on 9th October, 2018, at Department of Biotechnology. V. N. S. G. U., Surat for the guidance to B. Sc. Microbiology and Biotechnology students. Total 110 students were present in Auditorium of Biotechnology Department for the said event. Centre’s Coordinator and Head of the Department of Psychology, M. T. B. College, Dr. Rudresh Vyas and counselor Mrs. Bali Bhalani gave fruitful presentation on the subject to motivate students. Event was successfully completed by efforts of Dr. Mansi Mehta, Teaching Assistant at Department of Biotechnology.





## વિદાય સમારોહ

વયમર્યાદાને કારણે નિવૃત્ત થતા શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓનો વિદાય સમારંભ યુનિવર્સિટીના વહીવટી ભવનના સેનેટ હોલમાં તા ૩૦-૧૦-૨૦૧૮ના રોજ કુલપતિશ્રી શિવેન્દ્ર ગુપ્તાના અધ્યક્ષસ્થાને વિદાય સમારંભ યોજાઈ ગયો.જેમાં કા.કુલસચિવશ્રી અરવિંદ ધડૂક, કર્મચારી મંડળના પ્રમુખ શ્રી અખ્તર હુસેન મલેક, સેનેટ-સિન્ડિકેટના સભ્યશ્રીઓ, અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે કુલપતિશ્રી શિવેન્દ્ર ગુપ્તા,પ્રમુખ શ્રી અખ્તર હુસેન મલેકે પ્રસંગોચિત ઉદબોધનમાં નિવૃત્ત થતા કર્મચારીઓને શુભેચ્છાઓ પાઠવી હતી. કાર્યક્રમની આભારવિધિ કા.કુલપતિશ્રી અરવિંદ ધડૂકે કરી હતી. નિવૃત્ત થતા કર્મચારીઓનું સન્માન કુલપતિશ્રી ડૉ.શિવેન્દ્ર ગુપ્તા અને કા.કુલસચિવશ્રી અરવિંદ ધડૂકના વરદ હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન નાયબ કુલસચિવશ્રી નરેન્દ્રભાઈ પટેલે કર્યું હતું.















| નિવૃત્ત થયેલ શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓ | |
|---|---|
| ક્રમ | **કર્મચારીનું નામ** |
| ૧ | શ્રીમતી મિનાક્ષી કે,કનાડીયા<br>ટેક્નીકલ આસીસ્ટન્ટ,ગ્રંથાલય વિભાગ |
| ૨ | શ્રી નવીનભાઈ સી.પટેલ<br>હેડ કલાર્ક,સેનેટ/સિન્ડિકેટ વિભાગ |
| ૩ | શ્રી હિરાભાઈ કે.પટેલ<br>ડ્રાઈવર,બાંધકામ વિભાગ |
| ૪ | શ્રી ચીમનભાઈ એસ.પટેલ<br>પટાવાળા,વી.સી.કાર્યાલય(વહીવટી) |








## ગણિતશાસ્ત્ર વિભાગ

Prof. A.R.Rao Foundation and Gujarat Ganit Mandal દ્વારા આયોજીત "Prof. A.R.Rao Mathematics Project Competition – 2018 સ્પર્ધામાં વિભાગના નીચે મુજબના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને સમગ્ર ગુજરાતમાંથી ભાગ લીધેલ સ્પર્ધકો પૈકીના શ્રેષ્ઠ ૧૦ સ્પર્ધકોમાં ગણિતશાસ્ત્ર વિભાગના ૨ વિદ્યાર્થીઓએ પ્રથમ અને તૃતીય ક્રમ તથા ૩ વિદ્યાર્થીઓએ પ્રમાણપત્ર મેળવી સિધ્ધિ મેળવી ગણિતશાસ્ત્ર વિભાગનું ગૌરવ વધાર્યું છે આ તમામ વિદ્યાર્થીઓને વિભાગ અભિનંદન પાઠવે છે.

| NAME | Result |
|---|---|
| Ms.Monika J. Patel | First Prize |
| Ms.Dharti J. Patel | Third Prize |
| Ms.Nabila S.Attas | Merit Certificate |
| Ms.Trupti J.Parmar | Merit Certificate |
| Ms.Jyoti R.Kumawat | Merit Certificate |

## રમત-ગમત:



ગુલબર્ગ યુનિવર્સિટી મુકામે આંતર યુનિવર્સિટી ક્રોસ કન્ટ્રી (ભાઈ\બહેનો) ટુર્નામેંટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમારંભ કુલપતિશ્રી શિવેન્દ્ર ગુપ્તાના પ્રમુખ પદે તથા ઉપકુલપતિશ્રી ડૉ. ભાસ્કર રાવલ અને ઇ.ચા.કુલસચિવશ્રી એ.વી.ધડુક અને બોર્ડ ઓફ સ્પોર્ટ્સના ચેરમેનશ્રી આચાર્ય (ડૉ) કે.એન.ચાવડાના અતિથિ વિશેષ પદે યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતો યોજાયો હતો.મહાનુભાવોએ યુનિવર્સિટીનું નામ રમત-ગમત ક્ષેત્રે કીર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી, યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામનાર ખેલાડીઓને અભિનંદન પાઠવ્યાં હતાં.યુનિવર્સિટીના સ્પોર્ટસ ડાયરેકટશ્રી પોલ ડેવિડ ખેલાડીઓનો પરિચય કરાવ્યો હતો અને આભારવિધિ કરી હતી.

ક્રોસ કન્ટ્રી (ભાઈઓ \ બહેનો) ની ટીમમાં કોચ અને મેનેજર તરીકે ડૉ. જયેશ બુટાણી તથા ક્રોસ કન્ટ્રી (બહેનો) ની ટીમમાં મેનેજર તરીકે કુ.ઝખના પટેલ સેવા આપી રહ્યાં છે.

ક્રોસ કન્ટ્રી ( ભાઈઓ \ બહેનો)ની આંતર યુનિવર્સિટી ટીમ :

**ભાઇઓની ટીમ:**

૧) શ્રી કામડી સુનિલભાઈ એસ.

૨) શ્રી ગુંગનિયા મહેશભાઈ આર.

૩) શ્રી વસાવા સાવન આર.

૪) શ્રી ગામીત દાઉડભાઈ જેડ

૫) શ્રી રામ પ્રભીલ એસ.

૬) શ્રી પાલવે પ્રભાકર બી.

**બહેનોની ટીમ:**

૧)કુ. નાગપુરે મોનિકા એમ.

૨) કુ. ગામીત કૃપાબેન એચ.

૩) કુ.ચૌધરી પ્રિયંકા કે.

૪) કુ. વસાવા રીનાબેન જી.

૫) કુ. વસાવા ગંગા બી.

૬) કુ. તિવારી બદ્દ વી.

સાવિત્રીબાઈ ફૂલે યુનિવર્સિટીની,પુણે મુકામે આંતર યુનિવર્સિટી હેન્ડ બોલ(બહેનો) ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમાંરભ કુલપતિશ્રી ડૉ.શિવેન્દ્ર ગુપ્તાના પ્રમુખ પદે યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતો. મહાનુભાવોએ યુનિવર્સિટીનું નામ રમત-ગમત ક્ષેત્રે કીર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી, યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામનાર ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા. યુનિવર્સિટીના સ્પોર્ટ્સ ડાયરેકટરશ્રી પોલ ડેવિડે ખેલાડીઓના પરિચય કરાવ્યો હતો અને અભારવિધિ કરી હતી.

આ ટીમના કોચ તરીકે શ્રી જીગ્નેશ ટંડેલ અને મનેજર તરીકે ટીના રાઠોડ સેવા આપી રહ્યા છે. હેન્ડ બોલ(બહેનો)ની આંતર યુનિવર્સિટી ટીમ:



ટીમ:

(૧) કુમારી નિશા.એલ.ઠાકુર
(૨) કુમારી મયુરી.કે.રીબાડીયા
(૩) કુમારી અમી.આર.નાયિકા
(૪) કુમારી ફેરી.એચ.ગાંધી
(૫) કુમારી તનવી.એસ.પટેલ
(૬) કુમારી ખુશ્બુ.યુ.મંડલેસરા
(૭) કુમારી ઉર્વશી.જે.ચૌધરી
(૮) કુમારી કિર્તી.એમ.દુબે
(૯) કુમારી પ્રિયંકા.કે.ચૌધરી
(૧૦) કુમારી પાયલ.જે.ચૌધરી
(૧૧) કુમારી રોશની.એચ.પ્રજાપતિ
(૧૨) કુમારી વૈભવી.આર.કચ્છી

જૈન યુનિવર્સિટીની બેંગ્લોર મુકામે આંતર યુનિવર્સિટી તરણ(ભાઈઓ) ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમાંરભ માં.કુલપતિશ્રી ડૉ.શિવેન્દ્ર ગુપ્તાના પ્રમુખ પદે તથા કુલસચિવશ્રી એ.વી.ધડુકના અતિથિ વિશેષ પદે યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતો. મહાનુભાવોએ યુનિવર્સિટીનું નામ રમત-ગમત ક્ષેત્રે કીર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી, યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામનાર ખેલાડીઓને અભિનંદન પાઠવ્યાં હતા.યુનિવર્સિટીના સ્પોર્ટ્સ ડાયરેક્ટરશ્રી પોલ ડેવિડે ખેલાડીઓના પરિચય કરાવ્યો હતો અને આભારવિધિ કરી હતી.

આ ટીમના કોચ તરીકે શ્રી નવનીત સેલર અને મેનેજર તરીકે પ્રો.ધર્મેશ પટેલ સેવા આપી રહ્યા છે.તરણ(ભાઈઓ)ની આંતર યુનિવર્સિટી ટીમ:



ટીમ:

(૧) શ્રી ભાનવડીયા રાજ.એસ
(૨) શ્રી સક્સેના ઓમ.જે
(૩) શ્રી સારંગ હર્ષલ.વી
(૪) શ્રી ઠક્કર પાર્થ.ડી
(૫) શ્રી પાટીલ યશ.એસ
(૬) શ્રી સેલર ભાર્ગવ.સી
(૭) શ્રી રાવત શાંતિદાસ .કે
(૮) શ્રી કંથારીયા ચૈતન્ય.એચ
(૯) શ્રી પાટીલ જય .એચ
(૧૦) શ્રી સેલર કારણ.ડી
(૧૧) શ્રી જરીવાલા યશ.સી
(૧૨) શ્રી ખરદી અલય.એ
(૧૩) શ્રી હાલપતિ રાજેશ્વર.એ
(૧૪) શ્રી પાંડે હર્ષ.યુ.

# કોલેજ ન્યૂઝ

## સ્પર્ધા:

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની આંતર કોલેજ આર્ચરી સ્પર્ધા શ્રી રતનસિંહજી મહીડા કોલેજ ઓફ કોમર્સ, રાજપીપળા મુકામે તા.૦૧ સપ્ટેમ્બર ૨૦૧૮ના રોજ યોજાયેલ જેમાં નવયુગ સાયન્સ કોલેજની ટીમે કુલ ૬૦૩ પોઈન્ટ મેળવી ચેમ્પીયન બન્યા હતા. જેમાં પવાર મેહુલ કુલ ૨૧૪ પોઈન્ટ સાથે વ્યક્તિગત રનર્સ અપ રહયો હતો.તેમજ યુનિવર્સિટીની આર્ચરી ટીમમાં પવાર મેહુલ, ભોયા યોગેશ અને ભગરીયા જીગરની પસંદગી થયેલ છે. આમ ખેલાડીની આ સિદ્ધી બદલ કોલેજ ના આચાર્યશ્રી ડૉ.અશ્વિનભાઈ પટેલ શારીરિક શિક્ષણના અધ્યાપક શ્રી ધર્મેશ પટેલ, તેમજ શૈક્ષણિક સ્ટાફ અભિનંદન પાઠવ્યા હતા.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી આંતર કોલેજ વેઇટ લીફટીંગ, અને બેસ્ટ ફીજીક્સ સ્પર્ધામાં કૌસલ્યા પટેલ ૬૪ કિ.ગ્રા. ગ્રુપમાં ગોલ્ડ મેડલ અને શેખ અસ્ફાક ૭૦કી.ગ્રા ગ્રુપમાં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરી નવયુગ સાયન્સ કોલેજ,સુરતનું ગૌરવ વધાર્યું. આચાર્યશ્રી. ડૉ વિનોદભાઇ એન. પટેલ તેમજ સર્વ કોલેજ પરિવારે અભિનંદન પાઠવ્યા હતા. શારિરીક શિક્ષણના પ્રા.સી.કે.અસારિયા તેમજ પટેલ સૌરભએ કોચીંગ અને માર્ગદર્શન પૂરૂં પાડયું હતું. દિલીપભાઇ મહાંલેએ સેવા પુરી પાડી હતી.



બી.કે.એમ.સાયન્સ કોલેજ વલસાડ ખાતે કલા કૌશલ્યધારાના નેજા હેઠળ, મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના પ્રારંભમાં આચાર્ય ડૉ.વિકાસ દેસાઈએ જણાવ્યું કે, સપ્તધારા પ્રવૃત્તિ હેઠળ વિધાર્થીઓની સુશુપ્ત શક્તિઓ અને કલા ઉજાગર થાય છે.ઉપાચાર્ય ડૉ.ટી.જી.ગોહીલે સપ્તધારા પ્રવૃત્તિના માહીતી આપી હતી. કલાકૌશલ્ય ધારાના કન્વીનર ડૉ.માધવી દેસાઈએ સ્પર્ધામાં ભાગ લેવા બદલ વિધાર્થીઓને બિરદાવ્યા હતા. સ્પર્ધામાં ૨૯ વિધાર્થિનીઓએ ભાગ લીધો હતો.સ્પર્ધામાં શિવાની બરુડીયા પ્રથમ ક્રમે, ધ્રુવીકા પટેલ દ્વિતિયક્રમે, તથા તૃપ્તી માલી તૃતીયક્રમે વિજેતા થયા હતા.નિર્ણાયક તરીકે ડૉ.કિરણબેન દેસાઈ અને પ્રો.સંધ્યાબેન વાણીએ સેવા આપી હતી. સ્પર્ધાનું આયોજન સપ્તધારા કન્વીનર ડૉ.એ.એન.સોલંકી,દ્વારા કરવામાં આવ્યું હતું.સ્પર્ધાને અંતે તમામ સ્પર્ધકોને સર્ટીફિકેટ એનાયત કરવામાં આવ્યા હતા.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ઇન્ટર કોલેજ તરણ ભાઈઓ/બહેનોની સ્પર્ધાનું નવયુગ સાયન્સ કોલેજ દ્વારા ૫-૬ સપ્ટેમ્બર ૨૦૧૮ના રોજ વીર સાવરકર તરણકુંડ, જોગણીનગર ખાતે સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૧૮ કોલેજના ખેલાડીઓએ ભાગ લીધો હતો. ઓવેરઓલ ચેમ્પીયન ટીમ એમ.ટી.બી.આર્ટ્સ કોલેજ,સુરત અને રનર્સઅપ ટીમ સી.બી.પટેલ બી.સી.એ એન્ડ જે.એન.એમ.પટેલ સાયન્સ કોલેજ બની હતી. સમગ્ર સ્પર્ધાનું સંચાલન પ્રા.ધર્મેશભાઈ પટેલ પૂરૂં પાડેલ છે.સ્પર્ધાને સફળ બનાવવામાં આચાર્યશ્રી ડૉ.અશ્વિનભાઈ પટેલ તથા નવયુગ સાયન્સ પરિવાર, રેફરીશ્રીઓ, ટીમ મેનેજરશ્રીઓએ ભરપુર યોગદાન આપ્યું હતું. સ્પર્ધા દરમ્યાન યુનિ.યુથ વેલ્ફેરના ડાયરેક્ટર શ્રી ડેવિડ પોલ ઉપસ્થિત રહી ખેલાડીને પ્રોત્સાહીત કર્યા હતા.




અખિલ ભારતીય ઇન્ટર યુનિવર્સિટી બેસ્ટ ફીઝીકસ ટુર્નામેન્ટ યુનિવર્સિટી ઓફ કાલીકટ કેરાલાના નેજાં હેઠળ યોજાઈ હતી. તેમાં નર્મદા કોલેજ ઓફ સાયન્સ એન્ડ કોમર્સ,ઝાડેસ્વરનાં વિધાર્થીએ બેસ્ટ ફીઝીક્સ સ્પર્ધામાં ૭૫ kg વજન કેટેગીરીમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો છે. યુનિવર્સિટી ઓફ કાલીકટમાં ઓલ ઇન્ડિયાની ૭૫ યુનિવર્સિટીએ ભાગ લીધો હતો. તેમાં વીર નર્મદ ગુજરાત યુનિવર્સિટીના કુમાર હરિશંકર નાયરે ગોલ્ડ મેડલ મેળવી સમગ્ર દેશમાં યુનિવર્સિટીનું નામ સુવર્ણ અક્ષરે લખ્યું છે

ઉપરોકત સિધ્ધિ બદલ કુમાર હરીશંકર નાયરને તેમજ કોચ અમિતસિંઘ રાઠોર અને મેનેજરશ્રી પ્રશાંન પિલ્લાઇને કુલપતિશ્રી ડૉ. ગુપ્તા, ઉપકુલપતિશ્રી ડૉ.ભાસ્કર રાવલ, ઈ.ચા. કુલસચિવશ્રી એ.વી.ધડુક, બૉર્ડ ઓફ સ્પોર્ટસના ચેરમેનશ્રી કે. એન. ચાવડા અને નિયામકશ્રી પોલ ડેવિડ તેમજ બોર્ડ ઓફ સ્પોર્ટસનાં સભ્યશ્રીઓએ આ સફળતા બદલ અભિનંદન પાઠવ્યા હતા.



વીર નર્મદ ગુજરાત યુનિવર્સિટીની ટેબલ–ટેનિસ(બહેનો)ની ટીમ વેસ્ટઝોન આંતર યુનિવર્સિટી સ્પર્ધામાં ભાગ લેવા માટે નોર્થ મહારાષ્ટ્ર યુનિવર્સિટી, જલગાંવ મુકામે ગઈ હતી. જલગાંવ મુકામે ગઈ હતી. જલગાંવ મહારાષ્ટ્ર ખાતે રમાયેલી વેસ્ટઝોન ઇન્ટર યુનિવર્સિટી ટેબલ-ટેનિસ ટૂર્નામેન્ટમાં વીર નર્મદ ગુજરાત યુનિવર્સિટીની ટીમ શાનદાર દેખાવ કરતા ૫ મેચમાં વિજય પ્રાપ્ત કરી ત્રીજા નંબર પર રહી બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યું હતું. ટૂર્નામેન્ટમાં ફેનાઝ ચીપિયાને પ્લેયર ઓફ ધ ડે નો એવોર્ડ આપવામાં આવ્યો હતો તે સિવાય ખુશી મોદી અને અદિતી પટેલે પણ આ ટૂર્નામેન્ટમાં શાનદાર દેખાવ કર્યો હતો. એમના શાનદાર દેખાવના કારણે જ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની ટીમ ઓલ ઇન્ડિયા ઇન્ટર યુનિવર્સિટી ચમ્પિયનશીપ માટે કવોલીફાઈડ થઈ છે.ટીમના કોચ તરીકે પ્રો.મહંમદ ધુપલી,(પાટીદાર જીન સાયન્સ કોલેજ,બારડોલી) અને મેનેજર તરીકે પ્રો.સોનલ વસાવાએ (એ.વી.પટેલ કોમર્સ કોલેજ,બીલીમોરા) સેવા આપી હતી.

ઉપરોક્ત સિધ્ધિ બદલ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ.શિવેન્દ્ર ગુપ્તા, ઉપકુલપતિશ્રી ડૉ.ભાસ્કર રાવલ,ઈ.ચા કુલસચિવશ્રી એ.વી ધડુક,બોર્ડ ઓફ સ્પોર્ટ્સના ચેરમેનશ્રી કે.એન.ચાવડા અને નિયામકશ્રી પોલ ડેવિડ તેમજ બોર્ડ ઓફ સ્પોર્ટ્સનાં સભ્યશ્રીઓએ આ સફળતા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

## કોલેજ નેશનલ એવોર્ડ

ડૉ. જયેશકુમાર ધીરુભાઈ પટેલ પ્રિન્સિપાલ કોલેજ ઓફ એજ્યુકેશન, નાનીદમણને બે નેશનલ એવોર્ડથી સન્માનિત કરાયા.શ્રી માછી મહાજન એજ્યુકેશન સોસાયટી સંચાલિત કોલેજ ઓફ એજ્યુકેશન, નાનીદમણના પ્રિન્સીપાલ ડૉ. જયેશકુમાર ડી. પટેલને ભાભા રીસર્ચ એકેડેમી " દ્વારા બેસ્ટ એકેદડેમિસિયન એવોર્ડ- ૨૦૧૮" અને રામન સાયન્સ એન્ડ ટેકનોલોજી ફાઉન્ડેશન અને એ.પી.જે.અબ્દુલ કલામ નેશનલ કાઉન્સિલ ઓફ યંગ સાયન્ટીસ્ટ દ્વારા " નેશનલ બેસ્ટ રિસર્ચર એવોર્ડ" થી સન્માનિત કરવામાં આવ્યા.

ભારતના સીનીયર સાયન્ટીસ્ટ ડૉ. જે. જે. રાવલના હસ્તે નેશનલ ક્ક્ષાનો એક એવોર્ડ અને ડૉ. ચંદ્રમૌલી જોશીના હસ્તે એક એવોર્ડ એનાયત કરવામાં આવ્યો. આ એવોર્ડ નેશનલ સાયન્સ ટેકનોફેર અને નેશનલ સેમિનાર તા. ૨૨-૨૩ સપ્ટેમ્બર-૨૦૧૮, સુરેન્દ્રનગરમાં ભારતના સિનીયર વૈજ્ઞાનિકો ડૉ. ચંદ્રમોહન નોટીયાલ ડૉ. દિપક સિન્હા, ડૉ. બ્રિજેશ પાન્ડે, ડૉ. બી. એન. રાવ. (મેથ્સ ગુરુ) અને ડૉ. શાંતિલાલ ભોરણીયાના સાનિધ્યમાં એવોર્ડ એનાયત કરવામાં આવ્યા. આ એવોર્ડથી શ્રી માછી મહાજન એજ્કેશન સોસાયટી તેમજ કોલેજ ઓફ એજ્કેશન, નાનીદમણ તેમજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતનું ગૌરવ વધાર્યું.

## સ્વચ્છતા અભિયાન

મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણી ભાગરૂપે નવયુગ સાયન્સ કોલેજમાં સ્વચ્છતા અભિયાન ચાલી રહ્યું છે. જે અંતર્ગત ૨ જી ઓકટોબર સવારે કોલેજમાંથી એન.એસ.એસ અને એન.સી.સીના ઉપક્રમે સ્વચ્છતાની સમાજ આપી હતી. રેલીના અંતમાં આચાર્યશ્રી ડૉ.અશ્વિનભાઈ પટેલે વિદ્યાર્થીઓને સ્વચ્છતા જાગૃતિ અંગે સમજ આપી હતી.સ્વચ્છતા અભિયાન અંતર્ગત રવિવાર તા.30/09/૨૦૧૮ ના રોજ કોલેજ કેમ્પસ સફાઈનું આયોજન પણ થયું હતું.



## વ્યાખ્યાન

એ.વી.પટેલ કોમર્સ કોલેજમાં ગુજરાત સરકાર અને કે.સી.જી.પ્રેરિત ઉદ્દીશા ક્લબના ઉપક્રમે જે.સી.આઈ.પ્રાઈમ દ્વારા ટી.વાય.બીકોમ.ના વિદ્યાર્થીઓ માટે એક દિવસીય સેમિનારનું આયોજન,કુંદનબા સ્પોર્ટ્સ એન્ડ કલ્ચરલ સેન્ટર ખાતે કરવામાં આવ્યું હતું.જેમાં સુરતના જે.સી અને રાષ્ટ્રીય ટ્રેઇનર શ્રી કમલેશભાઈ ઠક્કરે "Active citizen of our natin " વિષય પર વિચાર પ્રેરક અને મનનીય પ્રવચન આપ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને કારકિર્દી ઘડતર માટે ધ્યેય પસંદગી,હકારાત્મક અભિગમ મહત્વકાંક્ષા અને સખત પરિશ્રમ વગેરે કેળવવા ઉપર ખાસ ભાર મુક્યો હતો.જેમાં ૧૦૫ વિદ્યાર્થીઓએ કિંમતી માર્ગદર્શન મેળવ્યું હતું. ઇન્ચાર્જ આચાર્ય શ્રીમતી વર્ષાબેન રાણા તેમજ કોલેજ પરિવારે આ સેમિનારને સફળ બનાવવા બદલ શ્રી કમલેશભાઈ ઠક્કર તેમજ જે.સી.આઈ.બીલીમોરા પ્રાઈમની આયોજક ટીમનો હદયપૂર્વક આભાર મને છે.કાર્યક્રમ દરમ્યાન કોલેજના શૈક્ષણિક તથા બિન-શૈક્ષણિક સ્ટાફ તથા વિદ્યાર્થીઓનો સુંદર સહકાર મળ્યો હતો.

## નશાબંધી સપ્તાહ

બી.જે.પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન,બારડોલીમાં ગાંધી જયંતી નિમિતે તા.૨જી ઓક્ટોબરથી ૮મી ઓક્ટોબર સુધી ચાલેલ નશાબંધી સપ્તાહનો પૂર્ણાહુતિ સમારંભ નશાબંધી અને આબકારી ખાતું ,સુરત જિલ્લા અને કોલેજના સંયુક્ત ઉપક્રમે યોજવામાં આવ્યો હતો.જેમાં બારડોલી નગર ભા.જ.પા.ના પ્રમુખશ્રી અજીતસિંહ સુરમા, ભારત એજ્યુકેસન ટ્રસ્ટના પ્રમુખશ્રી ભરતભાઈ પટેલ,નશાબંધી અને આબકારી ખાતું, સુરત જિલ્લાના ઈન્સ્પેક્ટર પી.એ.પવાર અને જિલ્લા નશાબંધી નિયોજક શ્રી નરેન્દ્રભાઈ જોશી હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત ઈશ્વરવંદનાથી થઈ હતી.આચાર્ય ડૉ,કિન્નરીબેન પટેલે પ્રાસંગિક અને આવકાર પ્રવચન દ્વારા સૌ મહેમાનોનું સ્વાગત કર્યું હતું. ત્યાર બાદ શ્રી અજીતસિંહ સુરમા સાહેબ તથા નશાબંધી જિલ્લા નિયોજકશ્રી નરેન્દ્રભાઈ જોશી એ નશાબંધી અંતર્ગત પ્રાસંગિક પ્રવચન રજુ કર્યું હતું. નશાબંધી સપ્તાહ અંતર્ગત સાંસ્કૃતિક કાર્યક્રમની રજૂઆત થઈ હતી.આ નિમિત્તે યોજાયેલ વક્તૃત્વ સ્પર્ધા ,નિબંધ સ્પર્ધા તથા પોસ્ટર સ્પર્ધામાં વિજેતા નીવડેલ તાલીમાર્થીઓને નશાબંધી અને આબકારી ખાતા દ્વારા ઇનામો આપવામાં આવ્યા હતા.કાર્યક્રમની આભારવિધિ પ્રા.હેતલબેન ચોધરી તથા સંચાલન પ્રા.ભાવિકાબેન પાણખણીયાએ કર્યું હતુ.

## સેમિનાર

"Homoeopathy by Chance or by Choice" સી.એન કોઠારી હોમિયોપેથીક મેડીકલ કોલેજ અને રીસર્ચ સેન્ટર ,વ્યારા કોલેજ અને હોમિયોપેથીક મેડીકલ એસોસિયેસન ઓંફ ઇન્ડિયા,વ્યારા શાખાના સયુંકત પ્રયાસથી હોમિયોપેથીક કોલેજ ,વ્યારા ખાતે તા.૨૯|૯|૨૦૧૮ ના એજ "Homoeopathathy by chance or by choice under wich he dealt with Role of Homoeopathy in gross pathological cases" વિષય ઉપર સેમિનારનું આયોજન કરવામાં આવેલ હતું.જેમાં વક્તા તરીકે મિરાજ –સાંગલીના ડૉ.બજરંગ ભોસલે (એમ.ડી. હોમિ.) હજાર રહ્યા હતા,કે જેમણે પેથોલોજીકલ સારવારમાં દર્દીઓનું હરકતો ઓબ્ઝર્વ કરી હોમિયોપેથીની વિવિધ ઉપયોગીતા ઉપર જુદા જુદા રોગ ના દર્દીઓના ઉદાહરણો દ્વારા વિસ્તૃત માહિતી સહ સચોટ નિદાન કરવા માટેની જાણકારી આપી હતી.



## રમત ગમત

ખેલમહાકુંભમાં તરણમાં ગ્રંથપાલ શ્રી પ્રવિણભાઈ પટેલ ના ત્રણ ગોલ્ડ મેડલ: ખેલમહાકુંભમાં ૨૦૧૮ વલસાડ જીલ્લા લેવલની અતુલ કલબ ખાતે તારીખ-૨૯/૯/૨૦૧૮ નારોજ યોજાઈ હતી.તેમાં શ્રી પ્રવિણભાઈ બી પટેલ ૪૦ વર્ષ ઉપરના ગ્રુપમાં

- ૫૦ મીટર ફ્રી સ્ટાઈલમાં "ગોલ્ડ"
- ૧૦૦ મીટર ફ્રી સ્ટાઈલમાં "ગોલ્ડ"
- ૫૦ મીટર બ્રેસ્ટ સ્ટોકમાં "ગોલ્ડ" આમ કુલ

૩ ઇવેન્ટ માં ૩ ગોલ્ડ મેડલ હાંસલ કર્યા.તેઓને રાજ્ય સરકાર તરફથી કુલ ૧૫૦૦૦/- રૂપિયા રોકડ પુરસ્કાર આપવામાં આવ્યું હવે તેઓ રાજ્ય લેવલે ગાંધીનગર ખાતે વલસાડ જીલ્લા નું પ્રતિનિધિ કરશે.આમ મોટી ઉમરે આવી અસાધારણ સિધ્ધિ બદલ નવયુગ સાયન્સ કોલેજનું ગૌરવ વધાર્યું છે.



ગુજરાત સ્ટેટ અક્વેટીક એસોસીએશન દ્વારા આયોજિત ૯મી ગુજરાત સ્ટેટ માસ્ટર અક્વેટીક ચેમ્પિયનશીપ -૨૦૧૮ સ્વિમિંગ સ્પર્ધા અમદાવાદના ખાતે તારીખ ૯/૯/૨૦૧૮ ને રવિવારના રોજ યોજાઈ હતી. જેમાં નવયુગ સાયન્સ કોલેજ ખાતે લાઈબ્રેરિયન તરીકે અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,સુરત. ગ્રંથાલય ભવન ખાતે મુલાકાતી વ્યાખ્યાતા તરીકે ફરજ બજાવતા શ્રી પ્રવિણભાઈ બી પટેલે વય જૂથ ૪૫ to ૪૯ વર્ષમાં

- ૧૦૦ મીટર ફ્રી સ્ટાઈલમાં "ગોલ્ડ"
- ૫૦ મીટર ફ્રી સ્ટાઈલમાં "સિલ્વર"
- ૧૦૦ મીટર બ્રેસ્ટ સ્ટોકમાં "સિલ્વર" અને
- ૫૦ મીટર બ્રેસ્ટ સ્ટોકમાં "સિલ્વર" અને

આમ કુલ ૪ મેડલ હાંસલ કર્યા.

## ઉજવણી

(૧) એ.વી.પટેલ કોમર્સ કોલેજ સપ્તાધારાની સામુદાયિક સેવાધારા તથા રાષ્ટ્રીય સેવા યોજનાના સંયુક્ત ઉપક્રમે ભારતના રાષ્ટ્રપિતા ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણજીના જન્મદિન (શિક્ષકદિન) નિમિત્તે "શિક્ષકદિન ઉજવણી કાર્યક્રમ "યોજાયો હતો.કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના થી થઈ હતી.જેમાં ૨૮ વિદ્યાર્થીઓં સ્વ-અધ્યયન કાર્યમાં ઉત્સાહભેર જોડાયા હતા.શિક્ષક તરીકેનો ઉત્તમ દેખાવ કરનાર વિદ્યાર્થીઓને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. જેમાં પ્રથમ ક્રમે કુંકણા મોહિની આર.ટી.વાય.બીકોમ, દ્વિતીયક્રમે દુબે શુભમ આર.એસ.વાય.બીકોમ અને તૃતીયક્રમે ટાંક ભાવિકા એ.એસ.વાય.બીકોમ રહયા હતા. તમામ વિદ્યાર્થીઓએ ઇન્ચાર્જ આચાર્યશ્રી વર્ષાબેન.ટી.રાણા તથા અન્ય અધ્યાપકો દ્વારા ઇનામો તેમજ સ્મૃતિભેટથી નવાજવામાં આવ્યા હતા.ઇન્ચાર્જ આચાર્યશ્રીના પ્રાસંગિક ઉદ્બોધન બાદ કેટલાક વિદ્યાર્થીઓએ પોતાના શિક્ષક તરીકેના અનુભવો રજુ કર્યા હતા. પ્રા.યોગેશ.જે.દેસાઈ,એન બી.સોલંકી તથા પ્રા.દિપીકાબેન પી.લાડે નિર્ણાયક તરીકેની મહત્વની ભૂમિકા ભજવી હતી.પ્રા.જીગીષાબેન એચ.પટેલે.આભાર વિધી કરી હતી.કાર્યક્રમનું આયોજન સંચાલન પ્રા.યોગેશ .જે.દેસાઈએ કર્યું હતું.કાર્યક્રમ દરમ્યાન કોલેજના શૈક્ષણિક સ્ટાફ તથા વિદ્યાર્થીઓનો સુંદર સહકાર મળ્યો હતો.

(૨) એ.વી.પટેલ. કોમર્સ કોલેજ,બીલીમોરા ખાતે સર્જીકલ સ્ટ્રાઈક દિનની દબદબાભેર ઉજવણી થઈ હતી.ભારતની સુરક્ષા માટે સરહદો પર રાતદિવસ ખડે પગે રહેતા અને દેશના શત્રુઓના દાંત ખાટા કરવા વીર જવાનોને બિરદાવવા માટે વિદ્યાર્થીઓને પોસ્ટકાર્ડ લેખન,કવિતાલેખન સુત્રલેખન અને પોસ્ટર મેકિંગની પ્રવૃત્તિ કરી હતી. ઈ.ચા.આચાર્ય શ્રી વર્ષાબેન ટી.રાણા, એન.એન.એસ.પ્રો.ઓ.પ્રો.યોગેશ જે.દેસાઈ, પ્રા.નરેન્દ્રભાઈ બી.સોલંકી,પ્રા.ચિરાગ એમ.ગુલાણી,પ્રા,પાર્થ કે,ઠક્કર.કોલેજ સ્ટાફ પરિવાર તેમજ વિદ્યાર્થી અગ્રણીઓએ કાર્યક્રમને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવી હતી.અંતમાં સૌએ સર્જીકલ સ્ટ્રાઈક અંગેના વિડીઓઝ નિહાળ્યા હતા.

**'દક્ષિણાયન': સરનામુ**

**e-mail:**
dakshinayanlibrary.vnsgu@gmail.com

**Chief Editor:** Dr.K.C. Poria, Professor (Stage-6) and Head, Department of Physics, VNSGU, Surat.

**Editor:** Dr. B.J. Ankuya, Assistant Librarian, VNSGU, Surat.

**Published by:** Shri A.V.Dhaduk, I/c. Registrar, VNSGU, Surat.

**Designed by:** Shri Mayaankkumar Patel, Programmer, VNSGU, Surat.

**THIS e-NEWSLETTER IS ALSO AVAILABLE ON THE LIBRARY AT WEBSITE www.vnsgulibrary.org**

**Tel: + 91-261-2227141 Fax: + 91-261-2227312**

**E-mail: dakshinayanlibrary.vnsgu@gmail.com**